# મોડાસા યુજીવીસીએલ કચેરીમાં 'અંધેરી નગરી ગંડુરાજા' જેવો વહીવટ : ૧૩ મહિને વીજ કનેક્શન આવ્યું

મોડાસા, તા. ૨૮

મોડાસા શહેરમાં આવેલી યુજીવીસીએલ કચેરીમાં 'અંધેરી નગરી ગંડુરાજા' જેવો વહીવટ પ્રકાશમાં આવ્યો છે. મોડાસાના એક જાગૃત ગ્રાહકે વિજ કનેક્શન મેળવવા ૧૩ મહિના પહેલા અરજી કરી હોવા છતાં ભુલી જવાના કારણે વિજ કનેક્શન ન આવ્યુ છેવટે ગ્રાહકે આરટી.આઈ. કરતાં વિજ અધિકારીઓ હાંફળા ફાંફળા બની રાતોરાત મીટર ફીટ કરી દીધુ.

ગુજરાતની સરકાર ભલે જાગૃત હોય શ્રેષ્ઠ વહીવટ માટે યુજીવીસીએલને બ્રોન્ઝ મેડલ ભલે મળી ગયો હોય પણ આજે પણ મોડાસાની કચેરીમાં 'અંધેરી નગરી ગંડુ રાજા' જેવો વહીવટ ચાલતો હોવાનો દિલચશ્પ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ કચેરીમાં ભાવસારવાડામાં રહેતા એક ગ્રાહકે મીટર કનેક્શન મેળવવા માટે ૧૬-૫-૨૦૧૪ના રોજ રસીદ નં. ૦૭૫૨૬૮ રૂ. ૩૫૦૦ રસીદ નં. ૨૫૨૬૯ દ્વારા રૂ. ૫૮ તેમજ આજ તારીખે રસિદ નં. ૭૫૩૪૧ દ્વારા રૂ. ૨૦ ટેસ્ટ રીપોર્ટ માટે મળીને કુલ ૪૧૦૮ રૂ. યુજીવીસીએલ કચેરીમાં ભર્યા હતા ત્યાર બાદ ગ્રાહકને યુજીવીસીએલ દ્વારા મીટર લગાડવા માટે કર્મચારી આવી જશે તેમ જણાવ્યું હતું. પરંતુ ૧૩ મહિના થવા છાતં પણ યુજીવીસીએલ દ્વારા બેદરકારીપૂર્વક વહીવટ કરવામાં આવ્યો હોય તેમ કોઈ કર્મચારી વિજ કનેક્શન લગાવવા ફરક્યો ન હતો. ૧૩ માસ જેટલો સમય વિતવા છતાં મીટર લગાવવામાં ન આવતા આખીર કંટાળીને ગ્રાહકે આરટીઆઈ હેઠળ અરજી કરતાં સ્ટાફ જાગ્યો હતો. યુજીવીસીએલના અધિકારીઓને ગ્રાહકે મૌખિક રજૂઆત કરતાં આવુ બને જ નહિ તેવા પ્રકારનો રાગ આલાપતા હતા પણ ગ્રાહકે રૂપિયા ભર્યાની રસીદ રજુ કરતા અધિકારીઓના પગ તળેથી જમીન ખસકી ગઈ હતી અને ગલ્લાતલ્લા કરતા અધિકારીઓએ રાતોરાત મીટર લગાવી દેવડાવી આ કિસ્સાને દફનાવી દેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

આવા અંધેર વહીવટ માટે જવાબદાર કોણ ? મોડાસા યુજીવીસીએલ કચેરીના વહીવટી અધિકારીઓ કે પછી મીટર લગાડતા અપાયેલા ખાનગી કોન્ટ્રાક્ટરને ? તે તપાસનો વિષય છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

## હિંમતનગરના જુદાજુદા વિસ્તારોમાંથી બે બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

સાઈબાબા સોસાયટીમાં રહેતા વેપારી અલ્પેશભાઈ રમણલાલ પટેલ ગત સોમવારે બાઈક નંબર : જી.જે. ૯. એએસ. ૮૧૫૦ લઈ સહકારી જીન ચાર રસ્તા નજીક આવેલી મેડીસ્ટાર હોસ્પિટલ આગળના પાર્કિંગમાં બાઈક પાર્ક કરી કામ અર્થે ગયા હતા. રૂ. ૨૦ હજારની કિંમતનું આ બાઈકની અજાણ્યો શખ્સ ચોરી કરી ફરાર થઈ જતા તેમણે વાહન ચોરીની ઘટના અંગે શુક્રવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જેમાં ઈડર તાલુકાના હિંમતપુર ખાતે રહેતા મુળ વારાણસીના રહીશ નીરજસિંહ બીએનસિંહ રાજપુત બાઈક નંબર : જી.જે.૯.એએન. ૪૬૦૯ સ્ટેટ બેંક બાજુની ગલીમા પાર્ક કર્યુ હતું. દરમિયાન રૂ. ૨૪,૫૦૦ ની કિંમતના આ બાઈકની તા. ૨૮ એન્લિે અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. જે અંગે શુક્રવારે હિંમતનગર બીડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

સરકારની યોજના કાર્યરત પણ ગરીબ પ્રજાને લાભ ન મળતાં હાલાકી

# મોડાસામાં ચિંરજીવી યોજના હેઠળ જોડાયેલા તબીબોએ રાજીનામા ધર્યા

### લાભાર્થીઓ જોડે લાભાર્થીનુ કાર્ડ હોવા છતાં પણ લાભાર્થીઓ યોજનાથી વંચિત

મોડાસા, તા.૨૮

ગરીબોને મફત સારવાર મળે તે માટે સરકારની અનેક યોજનાઓ અમલમાં છે. જો કે મોડાસામાં હાલ આ યોજનાઓ કાગળ પર રહી છે.ગરીબ દદીઓને નાણા ખર્ચીને સારવાર લેવાનો વારો આવ્યો છે. મા અમૃતમ યોજના હેઠળ એક પણ હોસ્પીટલ જીલ્લાની નોધાયેલી નથી. હવે ચિંરજીવી યોજના હેઠળ જોડાએલ તબીબોએ પણ રાજનામા ધરી દીધા હોવાથી ગરીબ પ્રજાની કફોડી હાલત બની છે. મફત સારવાર લેવા માટે લાભાર્થી હોવા છતાં મોડાસામાં ગરીબોને નાણા ખર્ચવાનો વારો આવ્યો છે.

મોડાસામાં પાંચ જેટલી હોસ્પીટલો ચીંરજીવી યોજના હેઠળ જોડાયેલી હતી. જયાં ગરીબ અને બીપીએલ લાભાર્થી દર્દીઓને વિના મુલ્યે સારવાર પુરી પાડતી હતી. પરંતુ આ યોજનામાં જોડાયેલ તબીબોએ આરોગ્ય વિભાગ સક્ષમ રાજીનામા ધરતાં સરકારની યોજના કાર્યરત હોવા છતાં ગરીબી દર્દીઓને ફરજીયાત નાણા આપીને સારવાર મેળવવાનો વારો આવ્યો છે. મોડાસા તાલુકાના આરોગ્ય અધિકારી ડો. યજ્ઞેશ નાયકે જણાવ્યુ હતુ કે મોડાસામાં ચિંરજીવી યોજનામાં જોડાએલ તબીબોએ રાજીનામા આપી દીધા છે.




# મોડાસાના પલિયાપુર ગામે વિજ કરંટથી તેજસ્વી વિદ્યાર્થીનું મોત : ગામમાં અરેરાટી વ્યાપી

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુ શરૂ થતાની સાથે જ વિજ કરંટથી અકાળે મૃત્યુ પામવાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. વિજતંત્ર દ્વારા અપાતા વિજ પુરવઠામાં થતી વધ ઘટથી પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે મોડાસાના પલિયાપુર ગામના ધોરણ-૯ના વિદ્યાર્થીનુંવિજ કરંટથી મોત નિપજતાં પલિયાપુર ગામમાં શોકની લાગણી ફેલાઈ છે.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામની નજીક આવેલા અને ક્ષત્રિય સમાજની વસ્તી ધરાવતા નાનકડા ગામ પલિયાપુરમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું વિજકરંટથી મૃત્યુ નિપજયુંહતું. પલિયાપુર ગામના ધોરણ-૯માં એન.ડી. શાહ હાઈસ્કુલ અડપોદરામાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થી અર્જુનસિંહ ભીખુસિંહ પુજારાના આકસ્મિક અવસાનથી અરેરાટી ફેલાઈ છે. પલિયાપુર ગામના ભીખુસિંહ શંકરસિંહ પુજારાનો પુત્ર અર્જુન શુક્રવારના રોજ રાત્રીના સમયે પોતાના ઘરની પાછળના ભાગે બલ્બ ઉડી ગયો હતો જે નવો બલ્બ લગાવવા જતાં અચાનક વિજપ્રવાહ વધી જતાં કરંટ લાગતા યુવક જમીન પર ફસડાયો હતો અને તાત્કાલિક વિદ્યાર્થીનું પ્રાણ પંખેરું ઉડી જતા કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. અચાનક વિજ કરંટથી મોત નિપજતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. થોડાક દિવસ અગાઉ મૃતક વિદ્યાર્થીના દાદીમાનું અવસાન થતાં શુક્રવારના દિવસે સુતક હતા ત્યારે તે જ રાત્રે આ આકસ્મિક બનાવ બનતા પરિવારમાં ૩ દિવસની અંદર જ બે વ્યકિતઓના મોત નિપજતાં પરિવાર તૂટી પડયો હતો. કિશોરના વિજકરંટના મોતના સમાચારથી પલિયાપુર ગામમાં અને મેઢાસણ પંથકમાં શોક છવાઈ ગયો હતો.

## કિસન પટેલ પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨૮

ગાગલાસણ તા. સિદ્ધપુરના વતની શ્રી દશરથભાઈ પટેલ (ડી.એફ.ઓ.)ના પુત્ર શ્રી કિશનભાઈ પટેલે ડૉ. સી.એન. પટેલના માર્ગદર્શન નીચે હેમચંદ્રચાર્ય યુનિવર્સિટી પાટણમાંથી ફાર્માસ્યુટીકલ સાયન્સ વિષયે સીન્થેસીસ ઓફ નોવેલ ઈમીડાઝોલ થાઈઝોલ એન્ડ સલ્ફોનામીડ ડેરાવેટીઝ એઝ એન્ટી ડાયાબીટીક એજન્ટ થીસીસ અંગે પીએચ.ડી.ની પદવી મેળવી ગાગલાસણ ગામનું તેમજ મોટા બાવન કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે.

# પ્રાંતિજમાં ફાયનાન્સ પેઢીમાંથી ૮૦૦ કિલોની તિજોરી ઉઠાવી ગયેલ તસ્કરો પોલીસના સકંજામાં

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ઉમીયા ફાયનાન્સ પેઢીમાં રાત્રીના સમયે તારા તોડી અંદર પ્રવેશ કરી ૮૦૦ કિલોની તીજોરી મુદ્દામાલ સાથે ઉઠાવી ગયેલ તસ્કરો પોલીસના હાથમાં આવતાં વધુ પુછપરછ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ફાયનાન્સ પેઢીમાં તા. ૧૭-૫-૨૦૧૫ને રાત્રીના સમયે દુકાનના શટલના તાળુ તોડી અંદર પ્રવેશ કરી તિજોરીના તાળા ના ટુટતા આખીને આખી આઠસો કિલોની વજનવાળી તિજોરી અને અંદર રહેલ અંદાજે ચાર લાખની રકમ મુદ્દામાલ સહિત ઉઠાવી ગયા હતા. જ્યારે ફાયનાન્સ પેઢીના માલિક ધર્મેન્દ્રભાઈ દવજીભાઈ પટેલની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જ્યારે સવારે જ પ્રાંતિજથી ૧૨ કિલોમીટર દૂર મુદ્દામાલ રોકડ રકમ સહિત તિજોરી સહિ સલામત મળી આવી હતી. જ્યારે તસ્કરો હાથ ના લાગ્યા હતા. જ્યારે નરોડા પોલીસ દ્વારા અન્ય કોઈ ચોરીના ગુનામાં પકડેલ કરતારસિંગ ઉર્ફે કલ્કી સીંગ ઈશ્વરસિંગ, મહેન્દ્રસિંહ પંજાબસીંગ ખીચી બન્ને રહે. હાલ દહેગામ બન્નેની પુછપરછ કરતાં પ્રાંતિજ ખાતે ફાયનાન્સ પેઢીમાં કરેલ ચોરીની કબુલાત કરી હતી. જેથી પ્રાંતિજ પોલીસને સોંપવામાં આવ્યા હતા. જ્યારે પ્રાંતિજ પોલીસસ્ટેશનના પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ કોર્ટમાં હાજર કરી રીમાન્ડ માંગી વધુ પુછપરછ હાથ ધરી છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# અરવલ્લીમાં બાળ કાયદા અંગે તાલીમ યોજાઈ

### જિલ્લા કલેક્ટર કચેરીમાં પોલીસ અધિકારીઓને પોકશો એક્ટ અને જે. જે. એક્ટની માહિતી અપાઈ

મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે આજરોજ અરવલ્લી જીલ્લાના પોલીસ વિભાગના ડી. વાય. એસ.પી., પીઆઈ,.પીએસઆઈ ચાઈલ્ડ વેલ્ફેર ઓફીસર, જીલ્લા સમાજ સુરક્ષા કામોના અધિકારી જીલ્લા બાળ સુરક્ષા યુનીટના કર્મચારી અને શિક્ષણ વિભાગના સાથે સંકળાયેલ અધિકારીઓની ઉપસ્થીતીમાં એક દીવસીય બાળકોના કાયદાઓ અર્તગત તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

તાલીમનો મુખ્ય ઉદેશ્ય પોલીસ વિભાગને બાળકોના કાયદાની સમજ આપવાનો તથા તેના અસરકારક સુચારૂ અમલીકરણ બની કાનુની કાર્યવાહીથી માહીતગાર કરવાનો હતો. તાલીમમાં શાબ્દીક સ્વાગત શ્રી વી. એમ. ચૌહાણ, ડી.વાય.એસ.પી ધ્વારા કરવામાં આવ્યુ હતુ.

આ તાલીમમાં મુખ્ય વકતા તરીકે ડો. કે. પી. મલેક, પ્રોફેસર લો ડીપાર્ટમેન્ટ નીરમા યુનીર્વસીટી અમદાવાદ ધ્વારા પોકશો એકટ અને જે. જે. એકટ પર વિગતે માહિતી પુરી પાડી માર્ગદર્શન પુરૂર પાડવામાં આવ્યુ હતુ. તાલીમમાં રાજય બાળ સુરક્ષા યુનીટ ગાંધીનગરના પોગ્રામ મેનેજર ઈન્દ્રજીત ચૌહાણ ધ્વારા બાળ સુરક્ષા યુનીટની કામગીરી તથા આઈસીપીએસ યોજનાના માળખામાંથી વિગતે માહીતી પુરી પાડી હતી.

જયારે રવિવારે રજાનો દિવસ હોવા છતાં આ તાલીમમાં બાળકોના કાયદાઓ જણાવવા ઉત્સુક અધિકારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહયા હતા. આ તાલીમનુ આયોજન જીલ્લા બાળ સુરક્ષા યુનીટ સાબરકાંઠા અરવલ્લી અને અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યુ હતું.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## સમર્થ ગ્રુપ ઑફ કોલેજીસમાં કેમ્પસ ઈન્ટરવ્યુ

હિંમતનગર, તા. ૨૮

સમર્થ ગ્રુપ ઓફ કોલેજીસમાં તાજેતરમાં રૂરલ ઈલેક્ટ્રીફીકેશન કોર્પોરેશન લીમીટેડ કંપની માટે કેમ્પસ ઈન્ટરવ્યું રાખવામાં આવ્યું હતું. જેમાં ડીગ્રીના ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈન્ટરવ્યું બાદ ૨૨ વિદ્યાર્થીઓ નોકરી માટે પસંદ થયા હતા. દરમિયાન આ ઈન્ટરવ્યુંમાં ૫ ડીગ્રી ઈલેક્ટ્રીકલ માટે, ૨ ડીગ્રી મિકેનીકલ માટે, ૨ ડીગ્રી સીવીલ માટે, ૧ એમ ૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. આ વિદ્યાર્થીઓને આ અર્ધસરકારી કંપનીમાં વાર્ષિક રૂ. ૩ લાખના પેકેજ મળ્યું છે. જે બદલ વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી -સરી છે.

# મેઘરજમાં ઈલેકટ્રીક શોર્ટ લાગતા કિશોરીનું મોત



ઈસરી, તા.૨૮

ન જાને જાનકી નાથ સવારે શું થવાનું છે તે પંકિતને સાર્થક કરતો બનાવ મેઘરજ નગરમાં પવિત્ર રમજાન માસમાં જોવા મળ્યો છે. વહેલી સવારે શહેરી બાદ ૧૫ વર્ષની કિશોરી પોતાના ઘરે પીવાનું પાણી ભરવા ચાલુ ઈલેક્ટ્રીક મોટરને અડકી જતા શોર્ટ લાગતા કરૂણ મોત નિપજયું હતું. આથી નગરમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

મેઘરજ ખાતે રહેતા યુનુસભાઈ ઈસ્માલભાઈ રેમજીવાલાની પુત્રીએ પવિત્ર રમઝાન માસના રોજા રાખ્યા હતા અને વહેલી સવારે શહેરી પતાવી મુસ્કાન (ઉ.વ.૧૫) પોતાના ઘરમાં રોજીંદા કામકાજ માટે પીવાનું પાણી ભરી રહી હતી ત્યાં અચાનક જ તેનો ભીનો હાથ ચાલુ ઈલેકટ્રીક મોટરને અડી જતાં ગંભીર ઈલેકટ્રીકનો શોર્ટ લાગતા ઉછળીને જમીન પર પટકાઈ હતી. એકાએક આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને તુરંત સારવાર અર્થે લઈ ગયા હતા. જો કે માર્ગમાં જ કિશોરીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. પવિત્ર રમઝાન માસમાં આ પ્રકારની કરૂણ ઘટના બનતા પંથકમાં ઘેરા શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

# રાયકાનગરમાંથી દારૂના જથ્થા સાથે શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના રાયકાનગર વિસ્તારમાં આવેલ એક મકાનમાંથી શુક્રવારે રાત્રે હિંમતનગર એડીવીઝન પોલીસે છાપો મારી રૂ. ૨૫૦૦ ની કિંમતના બિયરના ટીન તથા દારૂની બોટલ કબજે લીધી હતી. આ અંગેની વિગત એવી છે કે રાયકાનગરમાં રહેતા મયુરકુમાર બકાભાઈ ઉર્ફે હસમુખભાઈ નાયી પાસ પરમીટ વગર દારૂ અને બિયરનું વેચાણ કરતા હોવાની બાતમી એડીવીઝન પોલીસને મળતા પોલીસે શુક્રવારે રાત્રે મયંકકુમારના ઘરમાં છાપો મારી બિયરના ૨૦ ટીન અને દારૂની બોટલ મળી રૂ. ૨૫૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. ત્યારબાદ તેમની વિરૂધ્ધ શનિવારે એડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લીના ભિલોડાથી મુંબઈ અને ઉનાની લાંબા અંતરની બે બસો કેટલાક વરસોથી મુસાફરોની માંગને ધ્યાને લઈ દોડાવવામાં આવી રહી છે, પરંતુ સાવ જૂની અને ખખડધજ થયેલી બસોથી પ્રવાસીઓ પરેશાન હતા ત્યારે ગુજરાત એસટી નિગમે જિલ્લાના આ પછાત વિસ્તારના ભિલોડા ડેપોને બે નવી નક્કોર બસ આપતા આજથી ભિલોડા-મુંબઈ અને ભિલોડા-ઉનાના રૂટ ઉપર આ નવી બસો ડેપો મેનેજર અને સ્ટાફની ઉપસ્થિતિમાં મુસાફરોની સેવામાં રૂટ ઉપર મુકી દેવાતા ઉતારૂ જનતામાં હર્ષની લાગણી વ્યાપી છે.

## ધાનેરામાં એસ.ટી. તંત્રના અણઘડ વહીવટથી જનતા પરેશાન

ધાનેરા, તા.૨૮

ધાનેરા પંથકમાં સ્થાનિક એસ.ટી. તંત્રના અણઘડ વહીવટ સામે જનતા જનાર્દન ભારે પરેશાન બની છે. અને ઉચ્ચ કક્ષાએથી સત્વરે બેફામ બનેલા અધિકારીઓ સામે કડક પગલા લેવા માંગ કરી છે.

બનાસકાંઠાના ધાનેરા પંથકમાં 'એસ.ટી. આપણી' એ વાકયને એસ.ટી.ના જ કર્મચારીઓ ઠોકર મારી રહ્યા છે અને 'એસ.ટી. મારી' જેમ મારી મરજી થાય તેમ ચાલશે તેવો રાગ આલાપી રહ્યા છે. મનફાવે તે રૂટ પર બસો ફેરવે છે તેમજ માર્ગમાં હાથ ઉંચો કરી બસ ઉભી રખાવવા બાબતે રોજ છેદ ઉડાડી રહ્યા છે.

બીજી બાજુ તાજેતરમાં જ ધાનેરામાં રૂ. ૮૮ લાખના ખર્ચે બનાવેલ નવીન બસ સ્ટેન્ડ પણ સુવિધાઓ માટે ઝંખી રહ્યું છે. આ તમામ મામલે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે ત્યારે તાકિદે પાલનપુર એસ.ટી.ના વિભાગીય નિયામક આળસુ અને છાકટા બનેલા કર્મચારીઓ સામે પગલા ભરે તેવી માંગ મુસાફરો કરી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦